
મુદ્રાઓ



(સ્વામી આનંદ)

કીમત ૧—૦—૬—૦

સુદામો

[ત્રિઅંકી બાલનાટક]

જે. છ. ચૌધરી
હિં. જ. પંચોળી

ચિ. સવિતા અને વિષ્ણુને

અર્પણ:

જગાવી ઉરમાં સ્નેહે
મીઠી જે પ્રેરણા તમે,
મૂર્તરૂપે ફરીથી તે
અર્પીએ તમને અમે.

સુદામો

અંક ૧ લો
પ્રવેશ ૧ લો

[illegible]

[illegible]—સુદ[illegible]

[illegible] એક [illegible] [illegible]
[illegible] [illegible]માં [illegible] [illegible]ને [illegible] છે.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
નાડી [illegible] [illegible] [illegible] છે

સુદામાની
સ્ત્રી—સાંભળો છો કે? તમારે તો રોજ
ઊઠીને એકજ ધંધો! માળા લઈને
આ બેઠા! છે કાંઇ ચિંતા! આ છોકરા
તો સુકાઇને અડધા થઇ ગયા! મારો
તો જીવ બળીને ખાખ થઇ જાય છે.
(ગળગળી થઇને) મારા બેય છોકરા
તો હાલહવાલ થઇ ગયા છેઃ

શરીર આ કોમળ છોકરાનાં
માળા બન્યા કેવળ હાડકાનાં;
લોહી અને માંસ નહીંજ કાંઇ;
ગયા અરે! અન્ન વિના સુકાઇ.

(સ્ત્રી ઝીણું ઝીણું રડવા માંડે છે;
સુદામાની આચમની ને પવાલાનો
અવાજ બંધ થાય છે.)

સુદામો-(પૂજામાંથી ઊઠીને) તું આમ રોજ

સુદામો

ઊઠીને રડે અને એકની એક વાત કરે એ મને નથી ગમતું.

સ્ત્રી-(રડતાં રડતાં) તમને વાત ન કરૂં તો બીજા કોને કરૂં?

સુદામો-હું ઘણુંય જાણું છું કે તારે ઘણું દુઃખ છે પણ હું કરૂં શું?

સ્ત્રી-એવું ન બોલો; હું ક્યાં કહું છું કે મારે દુઃખ છે? હું તો આ બે છોકરા જોઉં છું અને મને રડવું આવે છે. જુઓને, કેવા ટાઢથી ટુંટવાઇને સૂતા છે? અને હમણાં ઊઠશે ને ખાવા માગશે ત્યારે હું આપીશ શું?

સુદામો-છોકરાને આપવા જેટલુંય નથી?

સ્ત્રી-નથી ત્યારેજ તો!

સુદામો-ફિકર ન કર; કોઇ હરિનો લાલ સીધું

પહોંચાડશે. વિશ્વાસ રાખ વિશ્વાસ.
આમ હિંમત શું હારી જાય છે?

સ્ત્રી–હિંમત તે કેમ રહે? આમને આમ ત્રણ દિવસથી તમે કહ્યા કરો છો; પણ કોઇ તમારો હરિનો લાલ તો આવતો ન જોયો!

સુદામો–એમ કાંઇ અધીરા થયે ચાલે! હોય, એતો ચાલ્યાજ કરે. આનું નામજ દુનિયા! હિંમત ન હાર; વિશ્વાસ રાખ.

સ્ત્રી–વિશ્વાસ તે કેમ રાખું? આજ ત્રણ દિવસના ઉપવાસ તો થયા! તોય હજુ વિશ્વાસ રાખવાનું કહો છો? હું તો હવે બહુ અકળાઇ છું:

કરે બાળકો ખાવું ખાવું બિચારા,
ધ્રુજે ટાઢ વાતાં કરે સીતકારા;

સુ દા મો

નથી પ્હેરવા વસ્ત્ર એકેય સારૂં,
મહાદુઃખ આ ; કેમ હું ધીર ધારૂં.

(સ્ત્રી રડવા માંડે છે)

સુદામો—રડ મા, રડ મા; જો. હમણાં છોકરા જાગશે. હોય એ તો, માયા એવીજ છે; અને દુઃખ તો કોને નથી પડયાં ? ધીરજ રાખવી એ એકજ ઉપાય છે.

સ્ત્રી—ધીરજ તે કેમ રહે ? હાથે કરીને દુઃખ ભોગવો છો અને બિચારા છોકરાને પણ દુઃખી કરો છો ! એમનાં બિચારાનાં શાં પાપ તે આ ઘરમાં અવતર્યાં !

સુદામો—બસ થયું; બોલ મા, એવું બોલ મા; જરા ભગવાન ઉપર ભરોસો રાખતાં શીખ; સૌ સારાં વાનાં થશે.

સુ દા મો

સ્ત્રી–ગણું તો બધાંજ સારાં વાનાં છે. તમારા જેવો બીજો કયો વિદ્વાન અને ધર્મી બ્રાહ્મણ ગામ આખામાં છે? છતાં મારૂં નસીબજ ફૂટલું તે આવા દા'ડા જોવા પડે છે.

સુદામો–નસીબની તો બલિહારીજ છે ને! અભણ રંગી ખાય છે, અને ભણેલા ભૂખે મરે છે! પણ હોય, એ તો હોય. દુઃખમાંજ સુખ છે છેવટે તો. પણ તું જરા કઠણ થા તો સારૂં. આમ છેકજ ઢીલી શું બની જાય છે?

સ્ત્રી–પણ તમે આવા વિદ્વાન છતાં આપણે કપાળે આવાં દુઃખ એજ મને તો સાલે છે. નસીબનોય વાંક કાઢવા જેવું કયાં છે? વાંક બધો તમારોજ છે!

સુદામો

સુદામો–મારો વાંક !

સ્ત્રી–ત્યારે બીજા કોનો વળી !

સુદામો–મારો વળી શો વાંક ?

સ્ત્રી–એજ કે તમે કોઇની પાસે હાથ લાંબો કરતા નથી; અને એટલેજ કોઇ આપણને આપતું નથી. "માગ્યા વગર તો માયે ન પીરસે."

સુદામો–શું બોલે છે ! હું યાચું ! તો તો પત્યું થઇજ રહ્યું ને !

મને માગવું એ મહા પાપ લાગે;
મને મોત એથી વધું સારૂં લાગે;
ગયા જાચવા માન મૂકી બલિને,
પડયું છેક નાના થવું તો હરિને.

ભીખ માગવાની વાત તો મારી પાસે બોલી-

રાજ નહિ. દુઃખ કંઇ કાયમ રહેવાનું નથી. ધીરજ ધર. નસીબમાં દુઃખ લખ્યું હશે ત્યાં સુધી ભોગવ્યેજ છૂટકો છે. એમાં તારૂં કે મારૂં શું ચાલવાનું ?

સ્ત્રી–માનો કે આપણું કાંઈ ન ચાલે; તોય બ્રાહ્મણના દીકરાને માગવું એ ક્યાં નવાઇની વાત છે? એ તો આપણો ધર્મજ છે.

સુદામો–એ માગનારા તો બીજા ! સુદામો માગેજ નહિ. એ વાત બંધ કર.

સ્ત્રી–પણ હું કહું તે તો સાંભળો.

સુદામો–માગવાની વાત કર્યા વિના બીજું કહેવું હોય તે કહે.

સ્ત્રી–હું બીજુંજ કહું છું. જુઓ, ગામમાં માગવું એ તો હુંય ના પાડું છું.

સુદામો–હા; બોલ ત્યારે શું કહે છે?

સ્ત્રી–હું એમ કહું છું કે આપણો ભાઇબંધ હોય તે તો પરાયો ન કહેવાયને ?

સુદામો–ના; મિત્ર હોય તે પરાયો શાનો !

સ્ત્રી–બરાબર; ત્યારે તમે એટલું તો કરો કે નહિ?

સુદામો–શું ?

સ્ત્રી–તમારા ભાઇબંધને મળવા તો જાવ ખરા કે ?

સુદામો–હા જાઉં. પણ મારો મિત્ર તો એકજ છે; અને તે તો બહુ દૂર બેઠો છે.

સ્ત્રી–કયો એ ભાઇબંધ ?

સુદામો–કયો તે શું ! કૃષ્ણ ! દ્વારિકાનો ધણી ! મારો બાલસ્નેહી, મારો જીવજાન દોસ્ત. અહા પ્રભુ, તારી કળા ન્યારીજ છે !

સુદામો

ક્યાં એ કૃષ્ણ ! અને ક્યાં હું સુદામો! અમે બન્ને એકજ ગુરુને ત્યાં સાથે ભણતા, સાથે રહેતા, સાથે સૂતા, ખાતા, પીતાઃ

સાથે ગુરૂઘેર રહ્યા અમે તો;
સાથે સહુ શાસ્ત્ર ભણ્યા અમે તો;
સદાય સાથે રમતા અમે તો;
જહીં તહીં સાથ જતા અમે તો.

બધુંજ સાથે કરતા; પણ કેવાં એનાં નસીબ ! એનું તાલકું તો મૂળેથીજ તેજ કરતું હતું. અમારા ગુરુ સાંદીપનિ વારે વારે કહેતા કે કૃષ્ણનાં કર્મ બહુ ઊજળાં છે. અને મનેય કહેતા કે અલ્યા સુદામા, તારાય ભાગ્ય છે કે તું કૃષ્ણનો ભાઇબંધ છે. કૃષ્ણનાં તો હું શાં વખાણ કરૂં ! મારો તો એ એકજ મિત્ર છે; પણ એ એક સૌથી ભલેરો છે.

સ્ત્રી—ઠીક હવે એ બધું તો. પણ હું વાત કહું તે તો સાંભળો. તમે એ તમારા ભાઇબંધને મળવા ન જાવ કે ?

સુદામો—ઘણોય જાઉં; પણ આ બધી જંજાળમાંથી છૂટાય શે !

સ્ત્રી—છૂટા તમને હું કરૂં.

સુદામો—તો તો અબઘડીએજ દોડું.

સ્ત્રી—પણ એક શરત પાળો તો છૂટા કરૂં.

સુદામો—એક નહિ પણ એકવીસ.

સ્ત્રી—સાંભળો ત્યારે. ભાઇબંધને મળી તમારાં સુખદુઃખની બધી વાત કરજો; અને પછી કાંઇક મદદ માગવાનું ન ભૂલતા.

સુદામો—અરે ! ત્યાંય સ્વાર્થ ! ત્યારે એમજ કહેને કે ભાઇબંધને ત્યાં ભીખ માગવા

સુ દા મો

જાવ. હું સુદામો ભીખ માગવા ભાઇ-બંધને ત્યાંય ન જાઉં ! તું મને શું સમજાવે છે ? તારે મારું વ્રત તોડાવવું છે ? તેં ધાર્યું છે શું ?

સ્ત્રી–બ્રાહ્મણોની પાસે માગતાંય વ્રત તૂટતાં હશે કાં કે ? પછી તો એવો તમારો બ્રાહ્મણધર્મ તેમાં અમારે શું લહાવો ?

છે મિત્ર કૃષ્ણ સરખા
ધ ન વા ન જ્યારે
શાને પછી સડવું
દુ:ખ મહિં લગારે ?
જાઓ તહીં, ધન કંઇ
લઇ નાથ આવો
ખાવા મળે નહિ અહિં
કંઇ, કાં ન જાઓ ?

(સ્ત્રી રડવા માંડે છે.)

સુ દા મો

સુદામો—જે વળી પાછી રડવાની વાત ! એમ કંઈ રડીને ઘર રહેશે ! અને એમ તો તું માથું પટકીને મરી જાય તોય હું મારું વ્રત નહિ તોડું. મારે ભાઈબંધને મળવા જવું અને પછી મારે એની મદદ માગવી ! [illegible] ગોઠવી દીધી ! ના, ના, હું [illegible] મળવાયે નથી જવાનો. દુઃખ [illegible] ટલું પડો. હું નથી ગભરાતો.

[illegible] રોવા લાગે છે. બંને [illegible] છે. સ્ત્રી આંખો લૂછી [illegible]

સુ દા મા

પ્રવેશ ૨ જો

સમય–સવારનો.

સ્થળ–સુદામાની ઝુંપડી.

(એક બેઅઢી વર્ષનો અને બીજો પાંચછ વર્ષનો એવા બંને દીકરા નાગા તબડાક પથારીમાંથી બેઠા થાય છે.)

નાનો દીકરો–(માને પાસે આવેલી જોઇ) બા, મં; બા, મં. (સ્ત્રી નાના દીકરાને કેડમાં તેડી લે છે, અને મોટાને આંગળીએ વળગાડે છે.)

મોટો દીકરો–બા, ખાવું છે; મને બહુ ભૂખ લાગી છે.

સ્ત્રી—જા, તારા બાપને કહે; એ તને ખાવા આપશે. હું તો નાનાભાઇને તેડીને બહાર

જાઉં છું.

(સ્ત્રી નાના બાળકને તેડીને બહાર જવાનું કરે છે; એટલામાં સુદામો આવે છે અને મોટા દીકરાને તેડી લે છે.)

મોટો દીકરો—બાપા, મને ખાવા આપો ; મને ભૂખ લાગી છે.

સુદામો—દીકરા, તારી બાને કહેને; એ તને ખાવા આપશે. (સ્ત્રીને) અલી, આને ખાવા આપને.

સ્ત્રી—તમેજ આપોને ! કોઠે કાંઇ તાળું નથી માર્યું ! હું તો કામસર બહાર જાઉં છું.

સુદામો—એ કામ પછી; પહેલાં છોકરાને ખાવા આપતી જા.

સ્ત્રી—ખાવા તો તમે આપજો. મારાથી કોઠો

ઊઘડતો નથી.

સુદામો–ન ઊઘડે એવો વસાઈ ગયો છે?

સ્ત્રી—બંધજ ન કરવો પડે એવો ઊઘડી ગયો છે!

સુદામો–(ચીડાઈને) આમ ગાંડાની માફક શું બકે છે? જલદી ખાવા આપને.

સ્ત્રી—(ચીડાઈને) ખાવા તે શું આપું? હોય તો આપું કે એમને એમ?

મોટો દીકરો–બા, ખાવું છે; ભૂખ લાગી છે.

નાનો દીકરો–બા, મં; બા, મં.

સુદામો-કોઠામાં કશુંજ નથી! ટાઢો રોટલોય નથી!

સ્ત્રી—ત્યારે શું હું જૂઠું બોલું છું? વિશ્વાસ ન આવતો હોય તો કોઠામાં હાથ ફેરવી

આવો.

સુદામો–અરેરે! સૂકો રોટલોય નથી! ત્યારે થોડીક છાશ તો પીવા આપ.

સ્ત્રી–એય હોય તો શું જોઇએ! બે દિવસથી સવારમાં છાશજ આપીને મન મનાવતી હતી; પણ આજે તો એય નથી. (રડવા લાગે છે.)

સુદામો–આ તો દુઃખની હદ થાય છે! પ્રભો! જરા તો કરુણા કર! હું ગરીબના સામું તો જો!

મોટો દીકરો–બાપા, ખાવા આપોને.

સ્ત્રી–હમણાં આપું છું, હો કે દીકરા! (સુદામાને)–હવે તો કાંઇક વિચાર કરો! હું કહેતી આવી છું તે હવે તો ધ્યાનમાં ઉતારો!

સુદામો–બોલ; શું ધ્યાનમાં ઊતારૂં ?

સ્ત્રી–એજ કે કૃષ્ણ—તમારા ભાઇબંધ–ને મળો; અને આપણાં દુ:ખ ભાંગો.

સુદામો–મળું ખરો, પણ માગું નહિ.

સ્ત્રી–ભલે માગશો નહિ; પણ તમારાં અને તમારા ઘરનાં બધાં હાલહવાલની વાત તો માંડીને કરશોને ?

સુદામો–પૂછશે તો કરીશ.

સ્ત્રી–ઠીક એમ; પણ જાશો તો ખરાને ?

સુદામો–હા, આજેજ; પણ આમ ખાલી હાથેજ જાઉં ?

સ્ત્રી–ઘરમાં શું છે તે તમે લઇ જશો ?

સુદામો–કાંઇ નહિ ત્યારે; ઊલાળતે હાથે જઇશું. મિત્રને ત્યાં એમ જવામાં શો વાંધો હોય !

સુ દા મો

સ્ત્રી–ત્યારે તમે જવાની તૈયારી કરો ત્યાં હું પાડોશીને ત્યાંથી છાપુંક છાશ લઈ આવું અને છોકરાને રડતાં રાખું.

સુદામો–જા, જા, જલદી જા; હું તો તૈયારજ છું. મારે વળી તૈયારી શા કરવાની હોય! એક ધોતિયું બગલમાં મારી લઇશું.

(સ્ત્રી ઘરની બહાર જાય છે.)

સુદામા

પ્રવેશ ૧ લો

સમય—સવારનો.

સ્થળ—એક ભલી પાડોશણનું ઘર.

(સુદામાની સ્ત્રી કેડમાં નાના છોકરાને તેડીને દીવાળી ડોશીના ઘરમાં જાય છે.)

સુ. સ્ત્રી· દીવાળીમા, છાશનો વારો આજ છે કે ?

દીવાળીમા–ના; વહુ, કાલેજ વારો તો ગયો. જોને હમણાં તો મારી ભગરી દૂધજ ક્યાં કાઢે છે? ચાર ચાર દિવસે માંડ એક વારો આવે છે.

સુ. સ્ત્રી–ત્યારે હું તો છાપુંક છાશ લેવા આવી હતી.

દીવાળીમા–તો જરા વ્હેલાં આવવું હતું ને !

હમણાંજ મુગનાની વહુ પાણીનું બેડું ભરી ગઇ ને છાશ લઇ ગઇ. તું વ્હેલી આવી હોત તો વળી તને આપત; પણ હવે શું કરૂં !

સુ. સ્ત્રી–કાંઇ નહિ; દિવાળીમા, આવતે છાશ-વારે આવીશ. દળણું દેવાનું હોય તો લાવોને આવી છું તો લેતી જાઉં.

દીવાળીમા–કેટલું લઇ જઇશ ?

સુ. સ્ત્રી–પાલીએકનું આપો.

દીવાળીમા–ના, દોઢ પાલીનું તો લઇ જવું પડશે. જોને ઓલી ઝમુનણુ આવે છે તેય દોઢ પાલી લઇ જાય છે. અને એ તો બેજ માણસ છાશ ખાનારાં છે, એટલે એક બોગરણી છાશ તો એમને વધી પડે છે.

સ. સ્ત્રી-ભલે, ત્યારે દોઢ પાલી આપો; પણ દીવાળીમા, મને તો ભલા થઇને બોગ-રણું ભરીને છાશ આપજો. અમે તો વસ્તારી રહ્યાં એટલે એટલી છાશ તો વરતાતીયે નથી.

દીવાળીમા–એની કોણ ના પાડે છે ? કાઇ દી છાશના વસ્તારમાં કોઇને ના ન પાડું તે તને તો ના કેમજ પડાય ! (બૂમ પાડીને) અલી મણુકી, રંભલી, આ વહુને દોઢ પાલી બાજરો ભરીને આપે છે કે ?

(રંભલી દોઢ પાલી બાજરો ભરીને આપે છે, ને સુદામાની વહુ તે લઇ ચાલતી થાય છે.)

પ્રવેશ ૪થો

સમય સવારનો

સ્થળ—એક શેરી.

સુ. સ્ત્રી—(મનમાં) અરે ભગવાન! છોકરાને પાવા જેટલી છાપુંય છાશ ન મળી!

(આંખમાં આંસુ આવે છે તે પાલવ વતી લૂછી નાખે છે. રસ્તામાં પાર્વતીડોશી મળે છે.)

પાર્વતીડોશી—કાં વહુ! અલી, ક્યાં ગઈ'તી?

સુ. સ્ત્રી—પાર્વતીમા, છાશ લેવા ગઈ'તી. દીવાળીમાને ત્યાં તો આજ વારો નથી એટલે છાશ ન મળી.

પાર્વતીડોશી—આ માથે શું લીધું?

સુ સ્ત્રી—એ તો મા, છાશનું દળણું છે.

પાર્વતીડોશી–દીવાળીએ આપ્યું હશે!

સુ. સ્ત્રી–હા; મા, તમારેય ગામ તો છે ખરું?

પાર્વતીડોશી–હા; પણ હું દીવાળીની જેમ છાશ વેચતી નથી તો! છાશ વેચવાનું તો મહા પાપ છે! એ કરમ તે કોણ બાંધે! કયા ભવ માટે એ બધું કરવું! આપણે હવે ક્યાં ઝાઝું જીવવું છે તે એવા ઊંધા ધંધા કરીએ!

સુ. સ્ત્રી–મા, તમારી વાત ખરી છે; પણ જુઓને, આજકાલ તો દળણું દળતાંય છાશ કોણ આપે છે? દીવાળીમા દળણાની છાશ આપે છે એય મારા જેવાને તો મોટી વાત છે.

પાર્વતીડોશી–પણ આજ તો છાશની ના પાડીને?

સુ. સ્ત્રી—હા; કહ્યું કે છાશજ ઘરમાં નથી.

પાર્વતીડોશી—તે વહુ, તું બોઘરણી લીધા વિના છાશ લેવા ગઈ'તી ?

સુ. સ્ત્રી—મારે તો આ એક કળશિયામાં માય એટલીજ છાશ જોઈતી હતી.

પાર્વતીડોશી—ઓ...હો ! એમાં તે શું ના પાડી હશે ! ચાલ મારે ત્યાં હું તને આપું.

સુ. સ્ત્રી—ચાલોને તમારોજ પાડ.

(બંને પાર્વતીડોશીને ઘેર જાય છે.)

પાર્વતીડોશી—લાવ, વહુ, તારો કળશિયો.

સુ. સ્ત્રી—લ્યો મા; અડધો ભરી આપશો તોય ચાલશે.

(ઘરમાં જઇ પાર્વતીડોશી કળશિયો ભરીને છાશ લાવે છે.)

પાર્વતીડોશી—હે વહુ, થા રાજી; હમણાં તો બળ્યું એવા પગ દુઃખે છે કે પાણી ભરવા જાઉંછું તો કળતર થાય છે; અને નથી જતી તો પાણીની આપદા પડે છે. બે બેડાં તો આ ગાયને પીવા જોઇએ છે. કોઇ પાણી ભરીને છાશ લેનારૂં હોય તો મને કહેજે.

સુ. સ્ત્રી—પાણીના બેડાની છાશ આપતાં હો તો મા, હુંજ પાણી ભરી જઇશ.

પાર્વતીડોશી—ભલે તો તારી મરજી; લેને ત્યારે આજથીજ બાંધને; પાણીઆરૂં આખુંય ખાલી છે; લે બેડું આપું?

સુ. સ્ત્રી—મા, પણ અત્યારે તો મારે બહુજ કામ છે; સાંજે આવીને પાણીનું બેડું રેડી જઇશ.

પ્રવેશ ૫ મો

સમય–સવારનો.

સ્થળ–એક શેરી.

(છાશ મળવાથી ઉતાવળે પગે સુદામાની સ્ત્રી ઘર તરફ જાય છે; વચ્ચે એક બ્હેનપણીનું ઘર આવે છે.)

સુ. સ્ત્રી–(મનમાં) લાવને મણિને ટહુકો કરતી જાઉં. (મોટેથી) અલી મણિ, શું થાય છે?

મણિ–આવ તો ખરી, ક્યાં ગઇ હતી?

સુ. સ્ત્રી–છાશ લેવા. ડાંગર આણી છે કે શું?

મણિ–હા બ્હેન; પાંચ મણ ડાંગર સરતી મળી તો લઇ લીધી છે. પૈસા તો અપાય ત્યારે ખરા.

સુ. સ્ત્રી–આ ઢગલો પાંચ મણનો છે?

મણિ–ના; અડધી ઉપરાંત તો મેં બે દીમાં
ખાંડી નાખી.

સુ. સ્ત્રી–ચોખા સારા નીકળેછેને ?

મણિ–હા, જોને બતાવું; જૂની ડાંગર છે એટલે
ચોખામાં તો કાંઇ કહેવાપણું નથી.

(ઘરમાં જઇને મૂઠી ભરી ચોખા લાવે છે,
અને સુદામાની સ્ત્રીને બતાવે છે.)

સુ. સ્ત્રી–હં! ચોખા તો સુંવાળા અને આખા
નીકળે છે! (થોડા ચોખા મ્હોંમાં નાખે છે.)
મીઠા પણ બહુ છે!

મણિ–હા બ્હેન; ચોખા તો સારા લાગે
છે. પણ ઊભી રહે, ઊભી રહે; એક વાત
તો ભૂલીજ જાઉં છું.

સુ સ્ત્રી–એવી તે વળી શી વાત છે ?

મણિ–મારો ભાઇ ગઇ કાલે આવી ગયો: અમે નવી ડાંગરના પાંચ શેર સાત શેર પૌઆં આપી ગયો છે.

સુ. સ્ત્રી–ભાણિયાને માટે મામાએ ચાવણું આપ્યું એમ કહેને.

(મણિ ઘરમાં જઇને શેરએક પૌઆં લઇ આવે છે અને સુદામાની સ્ત્રીને આપે છે.)

મણિ–લે બ્હેન; તું ય આટલા પૌઆં લેતી જા; છોકરા ખાશે; તું ન મળી હોત તોય આજ મારે તારે ત્યાં આ કામ માટે આવવું હતું; પણ ઠીક થયું કે તું જ મળી ગઇ.

સુ. સ્ત્રી–બ્હેન, તું મારા માટે અવારનવાર આમ ને આમ બહુ ઘસાયછે; અને આટલાં બધાં પૌઆં

મણિ—જા, હવે જા, એવું ન બોલ. હું શું આપી વળું છું ! અને મૂઠી પૌઆં આપું એમાં નવાઇ શું કરૂં છું !

સુ. સ્ત્રી—વારૂ બ્હેન; હવે હું જાઉં છું. મારે ઘેર બહુ કામ છે.

મણિ—ઉતાવળનું કામ છે ?

સુ. સ્ત્રી—આ છોકરાનો બાપ પરગામ જાય છે.

મણિ—ટેલે જવાનો વિચાર કર્યો છે કે શું ? એમ હોય તો બહુ સારી વાત.

સુ. સ્ત્રી—નારે ના ; એ તો ભાઇબંધને મળવા જાય છે.

મણિ—ઠીક ત્યારે ફરી મળજે.

(સુદામાની સ્ત્રી ઘર તરફ ચાલી જાય છે.)

સુ દા મો

પ્રવેશ ૧ લો

સમય—સવારનો.

સ્થળ— સુદામાની ઝુંપડી.

(સુદામો મોટા દીકરાને ન્હવરાવી એનું અંગ લૂછે છે. એટલામાં સુદામાની સ્ત્રી આવે છે.)

મોટો દીકરો—મારી બા આવી! બા, હવે ખાવા દે; હું નાહ્યો.

સુ. સ્ત્રી—ઠીક કર્યું. લે, હું તારા માટેજ કાંઇક ખાવાનું લાવી છું.

નાનો દીકરો—બા, મં; બા, મં.

(કેડમાંથી નાના દીકરાને નીચે ઉતારે છે. બંને છોકરાને પાસે બેસાડી પાતરા ઉપર બે ત્રણ મૂઠી પૌઆં ખાવા મૂકે છે. છોકરા ખાવા માંડે છે.)

સુ. સ્ત્રી—કાં, હવે તમે શું કર્યું? આળસી

તો નથી ગયાને ?

સુદામો–નારે ! પણ........

સુ. સ્ત્રી–"પણ" વળી શું ?

સુદામો–હું વિચાર એમ કરૂં છું કે ભાઇ-બંધને ત્યાં આટલે દિવસે જાઉં અને છેક જ ખાલી હાથે જાઉં એ ઠીક નથી લાગતું.

સુ. સ્ત્રી–આપણા ઘરમાં શું છે તે તમે સાથે લઇ જશો ?

સુદામો–મને વિચારજ એ થાય છે કે હું તે ખાલી હાથે જાઉં કે નજ જાઉં

સુ. સ્ત્રી–જો વળી ! ન જવાની તો હવે વાતજ કરશો મા. હવે તો એકવાર આંખો મીંચીને જઇ આવોજ.

સુદામો–પણ પેલાં ભાઇબંધનાં છોકરાં
ટોળે વળીને પૂછશે
"કાકા કહો શું લાવિયા ?"
આપીશ શું હું હાથમાં
એ છોકરાંને ચાવવા ?

સુ. સ્ત્રી–એ છોકરાં તો થોડાંજ ભૂખ હશે કે તમને વીંટાઇ વળે ! પણ હા, ઊભા રહો, મને યાદ આવ્યું. તમે આ થોડાંક પૈઆં બાંધીને લઇ જશો ?

સુદામો–પૈઆં હું લઇ જઇશ તો આ એ છોકરાઓ પાછળ શું ખાશે ?

સુ. સ્ત્રી–એ છોકરાની વાત છોકરા પાસે; પણ તમારી મરજી હોય તો પત્રાલુંક બાંધી આપું.

સુદામો–(બે ઘડી વિચાર કરીને) ઠીક; લે ત્યારે

એમ કર. (મનમાં) ત્યાં પૌઆંની શી ભૂખ હશે ! (મોટેથી) પણ એમ તો તને લાગેછેને કે છેક ખાલી હાથે જાઉં તે કરતાં પૌઆં પણ લઈ જાઉં તે સારૂં ?

સુ. સ્ત્રી—હા, હા; પૌઆં આપશો એટલે તમારે ભાઇબંધને તમારાં દુઃખની વાતજ નહિ કરવી પડે.

સુદામો—એમ કેમ ?

સુ. સ્ત્રી—એ જાણીજ જશે કે તમારી સ્થિતિ કેટલી તવંગર છે !

સુદામો—એનાથી કશું અજાણ્યું નથી. એ તો મારી સ્થિતિને બહુ સારી રીતે જાણે છે.

સુ. સ્ત્રી—ઠીક; લ્યો ત્યારે હું તમને પૌઆં બાંધી આપું. પણ શેમાં બાંધું ?

સુદામો- એમ કરને, કે આ મારૂં પંચિયું છે તેમાં બાંધી આપ.

સુ. સ્ત્રી-એ પંચિયું તો ફાટીને ચીરા થઈ ગયું છે. એમાં પૌઆં નહિ રહે.

સુદામો-ત્યારે બીજું કાંઈક લુગડું લાવ.

સુ. સ્ત્રી-હું એજ શોધું છું.

(ઘરના ચારે ખૂણામાં સ્ત્રી ફરી વળે છે; પણ કશું લુગડું હાથ લાગતું નથી.)

સુદામો-આમ આવ જોઉં; હું કહું એમ કરને.

સુ. સ્ત્રી- શું?

સુદામો-મારૂં પંચિયું નકામુંજ છેને?

સુ. સ્ત્રી-હા.

સુદામો-તો તેના નાના નાના કટકા કર.

સુ. સ્ત્રી–પછી ?

સુદામો–પછી એ બધાય કટકા એક ઉપર એક મૂકી અંદર પૌઆં નાખ. અને પછી બાંધીને મને આપ.

સુ. સ્ત્રી–હા, એ બરાબર છે; તમારી પણ બુદ્ધિ ઠીક કામ કરે છે!

(સુદામો ને તેની સ્ત્રી બંને હસી પડે છે.)

સુદામો–એમ નહિ કર તો પૌઆં કાણાંમાંથી નીચેજ પડવા લાગશે.

(સુદામાની સ્ત્રી કહ્યા પ્રમાણે પવાલુંક પૌઆં સાફ કરી બાંધે છે.)

સુ. સ્ત્રી–લ્યો, આ પોટલી; હવે શી વાર છે ?

સુદામો–હવે વાર શી ? ચાલું એટલીજ વાર. પણ લાવ, જરા છોકરાને મળી લઉં.

સુ દા મો

(સુદામો બંને છોકરાને બચ્ચી ભરે છે
અને પછી ઘરની બહાર નીકળે છે.)

સુ. સ્ત્રી–ચાલો, ચાલો, જલદી કરો જોઉં.
સવચ્છી ગાય સામી ચાલી આવે છે.

સુદામો–આ આવ્યો.

(ગાયના શુકન લે છે. વળી કુમારિકાના
પણ શુકન થાય છે. સુદામો ચાલે છે.)

સુ. સ્ત્રી–કામ ફતેહ કરો.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો

સમય–સવારના દસ વાગ્યાનો.

સ્થળ–દ્વારિકા પાસે ગોમતીનો ઓવારો.

સુદામો–(મનમાં) હાશ ! દ્વારિકા ભેગા તો થયા. દશ દી લાગલાગટ ચાલીને પગમાં તો ગોટલા ચડયા છે. નસીબ એટલાં સારાં કે જ્યાં જ્યાં વાટમાં મુકામ કર્યો

ત્યાં ત્યાં સીધું પણ મળી રહેતું. બે એક જગાએ તો પાકાં સીધાં પણ મળ્યાં. મુસાફરી તો બહુ સુખરૂપ થઈ છે. મને શુકન પણ ચાલતી વખતે સારાં થયાંહતાં. હવે બને તે ખરૂં. પણ કૃષ્ણ મને ઓળખશે ખરો કે નહિ? અરે! પણ મારાં બીખારીનાં દરહણુ દેખીને કોઇ મને રાજગઢમાં પેસવાજ નહિ દે તો હું શું કરીશ? હું કૃષ્ણનો મિત્ર છું એમ કોઇને કહીશ તોય ગાંડામાં ગણી કાઢે એવાં મારાં હાલહવાલ છે!

જે થાય તે. હરિ! હરિ! લાવ ગોમતીજીમાં સ્નાન તો કરી લેવા દે.

(સુદામો ન્હાય છે અને બીનું ધોતિયું સુકવી લે છે.)

ચાલ હવે ગામમાં તો પેસવા દે. પૂછતાં પૂછતાં રાજગઢ સુધી તો પહોંચી જઇએ.

પછીની વાત પછી.

અહા! પણ શી દ્વારિકાની શોભા છે વાહ! ભાઇ વાહ! સોનાની દ્વારિકા લોકો કહે છે એમાં કાંઇ ખોટું નથી. કેવા મજાના ઓવારા બાંધ્યા છે! અને શું ગઢની પણ બાંધણી અને નકશી છે! ત્યારે રાજગઢ તો કેવોયે હશે!

(સુદામો ગામમાં પેસે છે.)

યશોદા—(સુદામાને રસ્તે જતો જોઇને)

અલી વસુ, અહીં આવ, અહીં આવ;
તને કાંઇક બતાવું. જલદી આવ;
જોવા જેવું કૌતુક છે!

વસુમતી—શું છે અલી કહેને?

યશોદા—જો, જો! પેલો માણસ! કેવો સુકલકડી છે!

વસુમતી–હાડકાંનો માળોજ જોઇ લ્યો !

(યશોદાની કેડમાં બેઠેલી નાની જમની રડે છે.)

યશોદા–ચુપ રહે. ચુપ ! જો પેલો હાઉ આવ્યો !

(છોકરી રડતી બંધ થાય છે.)

સુદામો–વોય માળું ! કેવા મજાના પાકા રસ્તા છે ! અને અધધધધ ! હવેલીઓ ને હવેલીઓજ દેખાયછે ! બે માળ, ને ત્રણ માળ, ને ચાર માળ, ને પાંચ માળ! અહાહાહા !......અરે આ રાની હવેલી તો દસ માળની લાગેછેને શું ! ઉપરથી પડયા હોઇએ તો અધવચ્ચેજ જીવ ઊડી જાય ! અને દસમા માળની અગાસીએ ચડીને જોતાં તો ચક્કરજ આવે કે બીજું કાંઇ !

(સુદામો આગળ ચાલવા માંડે છે.)

દેવીલા–બ્હેન રોહિણી, દોડ! દોડ! ભૂદેવના દર્શન કરવાં હોય તો.

રોહિણી–ક્યાં છે એ દેવ ?

દેવીલા—આ સામે ચાલ્યા આવે. જા, દોડીને પગમાં પડ.

રોહિણી–વોય બાપ ! આ તો ભૂત !

દેવીલા–દર્શન કર, દર્શન ! પાપ ધોવાશે !

રોહિણી–શાં એનાં દરહણ છે ! મારાથી તો એના સામુંય જોવાતું નથી.

દેવીલા–તારા ભાગ્ય ઓછા માટે !

રોહિણી–હા; એને પરણનારીએ સવળે હાથે ગોર પૂજ્યો હશે !

દેવીલા–એ સ્ત્રીનાં પુણ્યનો તો કાંઇ પારજ નહિ હોય !

સુદામો–(ધીમે ધીમે ચાલતાં) આ તો હવે રસ્તામાં રસ્તા અને તેમાંય રસ્તા ફાટવા લાગ્યા !

સુદામો

મારે જવું કયે રસ્તે ! લાવ કોઈને પૂછું.

(સુદામો ઊભો રહે છે. પાછું વળીને જોતાં ઘેરો એક છોકરાં નજરે પડે છે.)

સુદામો–અરે ! આ ધાડિયું શાનું ! લાવ કોઈ છોકરાને રાજગઢનો રસ્તો પૂછું.

છોકરાંઓ–(ધૂળ અને કાંકરા સુદામા ઉપર ઊડાડીને) નાસો એલા, નહિ તો પકડાયા જાણજો !

છોકરાંઓ–(દૂર ઊભા રહીને) એ...ભૂત આવ્યું, ભૂત આવ્યું! નાસો...નાસો !

(રસ્તે ચાલતો કોઈ વૃદ્ધ માણસ આવે છે.)

વૃદ્ધ–ઊભા રહો તમારી માનાં છોકરાં ! સાધુને પજવો છો કે ?

(છોકરાં ભરરરર ભટ કરતાં નાસે છે.)

વૃદ્ધ–મહારાજ, આપને કોનું કામ છે ?

સુદામો—મારે કૃષ્ણને મળવું છે.

વૃદ્ધ—અરે, મહારાજ! એ તો બહુ કામમાં હશે. તમને મળવાની એમને ફુરસદ ક્યાંથી હોય!

સુદામો—અરે! પણ હું તો એનો ખાસ બાલસ્નેહી છું;

સાથે રહેતા ગુરુને ત્યાં;
વિદ્યા સાથેજ શીખતા;
સાથે વનમહીં જાતા;
ભિક્ષા સાથેજ લાવતા.

વૃદ્ધ—એમકે મહારાજ! ત્યારે તો આપને જરૂર મળશે.

સુદામો—પણ મને રસ્તાની કશી ખબર નથી.

વૃદ્ધ—ચાલો મહારાજ, હું આપને ઠેઠ રાજગઢ સુધી મૂકી જાઉં.

સુદામો-આપ વૃદ્ધ શાં માટે તસ્દી લ્યો છો? મને રસ્તો ચીંધી દ્યો એટલે હું મારે ચાલ્યો જઇશ.

વૃદ્ધ-ના મહારાજ; એમ આપને ખબર નહિ પડે. રસ્તામાં વાંકચોંક છે અને વળી ગામની વેજા એવી તોફાની છે કે તમને હેરાન કરશે; માટે મને સાથે આવવા દ્યો.

સુદામો- આપનો ઉપકાર.

વૃદ્ધ-અરે મહારાજ! એવું ન બોલો; આપ તો ભૂદેવ; અમારા તો તમે પૂજ્ય; વળી આપ અમારા રાજાના બાલસ્નેહી એટલે તો અધિક પૂજ્ય.

સુદામો-એવું ના બોલો ; આપ વૃદ્ધ છો તે બ્રાહ્મણુને પણુ પૂજ્ય છો.

વૃદ્ધ-ગમે તેમ તોય આપ તો બ્રાહ્મણ; અ

વૃદ્ધ પણ છો. આપે તો તપમાં શરીર બધું ગાળી નાખ્યું છે ને !

સુદામો-(મનમાં) અહો! શું આ યાદવનો વિનય છે ! કૃષ્ણનું રાજ્ય હોય એટલે પૂછવુંજ શું ! (મોટેથી) આ સામે ધજા ફરકે છે એ દેવમંદિર છે ?

વૃદ્ધ-મહારાજ, એજ રાજગઢ.

સુદામો-ત્યારે તો હવે આપ જાવ.

વૃદ્ધ-મહારાજની જેવી ઈચ્છા.

(વૃદ્ધ માણસ પાછો વળે છે.)

પ્રવેશ ૨ જો

સમય-સવારના અગીઆરનો.

સ્થળ-કૃષ્ણનો રાજગઢ.

સુદામો-(મનમાં) ભલા જાદવે રાજગઢ તો બતાવ્યો ; પણ હવે મારે પૂછવું કોને ? લાવ પેલા દ્વારપાળને મળું.

(દ્વારપાળ પાસે જાય છે.)

સુદામો-અરે ભાઇ ! કૃષ્ણને મળવું છે તો અંદર જવા દેશો ?

દ્વારપાળ-અંદર નહિ જવાય. હુકમ નથી.

સુદામો-પણ મારે બહુ જરૂરનું કામ છે.

દ્વારપાળ-એમજ હોય તો આપનું નામ કહો. હું મહારાજને ખબર આપું.

સુ દા મો

સુદામો–તારોજ પાડ. મારૂં નામ સુદામો. કહેજે કે પોરબંદરથી સુદામો આવ્યો છે.

(દ્વારપાળ જાય છે.)

સુદામો–(મનમાં) રાજગઢની શોભા તો કાંઇ ઓરજ છે! ઇંદ્રભુવન ખડું કર્યું છે! પત્થરની નકશીમાં સોનારૂપાના તો રસ પૂર્યા છે! હોય ભાઇ હોય; એને શો તોટો છે! અને દ્વારપાળ પણ કેટલો વિનયી છે! મને થયા કરતું હતું કે હડસેલો મારીને બહાર કાઢશે. કોઇ મને ઊભોય રહેવા નહિ દે. પણ એવું તો કાંઇ ન બન્યું.

સત્તા અને ધન અનર્થ કરે અતીશે;
હોયે જહીં ધન તહીં ન વિવેક દીસે;
એવું કહે જગત, તે નવ સાચું છેક;
સાથે રહ્યાં અહીં વડાઇ અને વિવેક.

સુદામો

લાવ જરા પગથીએ બેસું.

(સુદામો બેસવા જાય છે ત્યાં તો
ધબ ધબ કરતાં પગલાં સંભળાય છે.
અને કૃષ્ણ દોડતાં આવી સુદામાને
કોટે બાઝી પડે છે.)

કૃષ્ણ–અરે ભાઇબંધ ! ભાઇબંધ ! મારો ભાઇ !
મારો સુદામો ! મારો બાળસ્નેહી ! ભાઇ, તું
અહીં ક્યાંથી ! મારા ધન્યભાગ્ય કે તું મારે
આંગણે આવ્યો.

(સુદામાને ઘણો હર્ષ થાય છે. બંનેની
આંખમાં હર્ષનાં આંસુ આવેછે.)

સુ દા મો

પ્રવેશ ૩ જો

સમય–બપોરનો.

સ્થળ–કૃષ્ણભુવનનો એક વિશાળ ખંડ.

સત્યભામા–આજ તો હાથ દુઃખે છે.

જાંબુવતી–અમારા નહિ દુઃખતા હોય કે ?

સત્યભામા–પણ મને તો ફોલ્લા પડયા તેનું કેમ !

જાંબુવતી–જા, જા, મારી બાઇ ! તુંય ગોળાજ ગબડાવે છે તો !

સત્યભામા–તું ખોટું માને છે ? જો, મારા હાથ કેવા લાલચૂમ થઇ ગયા છે !

જાંબુવતી–અરે ! ફોલ્લા તો નથી પડયા ; પણ તારી હથેલી તો સુણી ગઇ છે !

સત્યભામા–વાતજ જવા દે ને; એ સુદામો મોટો ભાઇબંધ ના જોયો હોય તો !

સુદામો

રહ્યાંજ માત્ર હાડકાં
રુધિર તો મળે નહિ;
સુકાઇ છેક ચામડી
કઠોર કૈં થઇ રહી !

એનો બરડોજ એવો કે જાણે ખીલા ખોડયા હોય ! હાડકાંય મુવાનાં એવાં કે હાથ ફેરવતાંય વાગે !

જાંબુવતી—અને મેલ તો મેલ ! કેટલો બધો મેલ !

સત્યભામા—બરડા ઉપર તો દસ ફેરા સાબુ દીધો ત્યારે માંડ લાગ્યો !

જાંબુવતી—પગ ઉપરનો મેલ તો મેં નખે ઊખેડયો ત્યારે !

સત્યભામા—વાત માને છે? હું તો આજે થાકીને લોથ થઇ ગઇ છું.

જાંબુવતી–ખરી વાત; પણ માળો ભૂદેવ ભાગ્ય-
શાળી તો ખરો !

સત્યભામા–પૂરો ભાગ્યશાળી ! નહિ તો કાંઇ
તું એના પગ ચોળે ?

જાંબુવતી–ત્યારે કાંઇ તું ય એનો બરડો ચોળે ?

સત્યભામા–મને તો એ સુકલકડી સુદામાનું
મોઢું ય જોવું ગમતું નથી ! નર્યાં હાડકાંનો
માળોજ છે.

ગાલે કરચલી કૈં પડી
ને હાથ પગ તો દોરડી !
કાયા પ્રભુએ શી ઘડી
જાણે સુકાયલ ઓરડી !

જાંબુવતી–અને ઉધરસ ખાય છે ત્યારે ?

સત્યભામા–એ વાતજ સંભાર મા; આજ મને
તો ખાવું ય નથી ભાવ્યું.

જાંબુવતી-પણ કૃષ્ણને ભલું ગમે છે !

સત્યભામા-એ તો એના પગ ચાંપે છે !

જાંબુવતી-માળું ! કાંઇ સમજાતું નથી. આવા ભીખારી જેવાને કેટલાં માનપાન !

સત્યભામા-મને તો આ બધું સ્વપ્ન જેવું લાગે છે. કે પછી શી ખબર એ બાઇ-બંધે શુંય જાદુ કર્યું છે ! કૃષ્ણ તો એનીજ સેવામાં પડયા છે !

જાંબુવતી-લ્યો, આ રુક્મિણી આવ્યાં.

(રુક્મિણી આવે છે.)

સત્યભામા-આવો, બેસો; શરીરે તો ઠીક રહ્યું છે ને ?

રુક્મિણી-એમ કેમ પૂછવું પડયું ?

સત્યભામા-મને તો આજ ઠીક નથી.

જાંબુવતી–એણે તો આજે ખાધુંય નથી.

રુક્મિણી–તાવ ભરાયો છે ?

જાંબુવતી–(હસીને) ના રે ના.

સત્યભામા–હા, હા; તાવજ ભરાયો છે.

રુક્મિણી–જોઉં તારૂં શરીર.

સત્યભામા–(હસીને) એ તાવ એમ નહિ જણાય !

રુક્મિણી–ત્યારે કેમ જણાશે ?

સત્યભામા–(ઠાવકે મ્હોંએ) હમણાં સૂતો છે.

(જાંબુવતી હસી પડે છે;
રુક્મિણી પણ હસે છે.)

રુક્મિણી–સત્યભામા, તારી તો મશ્કરી કરવાની ટેવજ ના ગઇ.

સત્યભામા–ખરૂં કહેવું એય મશ્કરી ?

જાંબુવતી–સત્યભામા આજે મશ્કરી નથી કરતી. એના હાથ તો જુઓ.

રુકિમણી–(હાથ જોઇને) હાથે શું થયું? આટલા બધા લાલ કેમ ?

સત્યભામા–તાવ આવ્યો તેમાંજ તો.

જાંબુવતી–બરડો ઘસીને.

રુકિમણી–ત્યારે તો તું બહુ સુંવાળી !

સત્યભામા–હાથ ચોળ્યા છે તેમાંજ તો આમ બોલાય છે! બરડો ચોળ્યો હોત તો ખબર પડત.

રુકિમણી– અરે ! પણ હાથ કેવા દોરડી જેવા હતા! મને તો બીહ દઇને ચોળતાંય બીક લાગતી હતી કે રખેને ભાંગી જશે તો!

સત્યભામા–પણ મને તો એની હજુયે બીક લાગે છે.

રૂકિમણી—અરે ! કૃષ્ણ મને બૂમ પાડતા લાગે છે. જુઓ સાંભળો.

(બૂમ સંભળાય છે—"અરે રુકિમણી, અહીં આવ તો; ક્યાં ગઇ ?")

સત્યભામા—હા બ્હેન, જલદી જા.

(રુક્મિણી જાય છે.)

પ્રવેશ ૪ થો

સમય–બપોર પછી તરતનો.

સ્થળ–કૃષ્ણનું શયનગૃહ.

(સુદામો કૃષ્ણની શય્યા પર બેઠો છે, અને પાસે કૃષ્ણ ઊભા છે.)

રુક્મિણી–કેમ ! શું કામે બોલાવી ?

કૃષ્ણ–રુક્મિણી, આવી ! ઠીક; જા, તું નવશેકા પાણીનો કનકકળશ લઇ આવ; અને સત્યભામાને મોકલજે.

રુક્મિણી–વારૂ.

(રુક્મિણી જાય છે અને સત્યભામા આવે છે.)

સત્યભામા–કેમ ! મારૂં શું કામ પડયું ?

કૃષ્ણ–જા, તું જાંબુવતીને બોલાવી આવ.

સત્યભામા–વારૂ, બહુ સારૂં.

(થોડી વારમાં સત્યભામા જાંબુવતીને તેડીને આવે છે.)

કૃષ્ણ–તમે કેસરિયું દૂધ તૈયાર કર્યું ?

જાંબુવતી–મહારાજ, તૈયાર છે.

(રુકિમણી કનકકળશ લઇને આવે છે. સુદામો મ્હોં ધુએ છે.)

કૃષ્ણ–લાવ ત્યારે જલદી કર. સત્યભામા, જા, તું બીજો કનકકટોરો લઇ આવ.

સત્યભામા–(મનમાં) હાથ તો દુઃખે છે પણ હવે કાંતો પગ દુઃખવાનો વારો આવ્યો લાગે છે; (મોટેથી) વારૂ; આ ચાલી, લઇ આવું છું. (બબડતી જાય છે.) આજે તો જાણે જીવ ખાઇ ગયા ! ભારે રૂપાળો ભાઇબંધ આવ્યો છે તે !

કૃષ્ણ-રુકિમણી, તું જાંબુવતીને મદદ કર જોઉં.

(સત્યભામા કનકકટોરો લઇને આવે છે. જાંબુવતી એમાં કેસરિયું દૂધ ભરે છે; અને કૃષ્ણ એ કટોરો સુદામાને આપેછે.)

કૃષ્ણ-ગળપણ ને સ્વાદમાં ઠીક છે ને?

સુદામો-(ધીરેથી) અરે બંધુ, તેં તો મને બહુ લાડ લડાવ્યાં. આ બૈરાંઓ હવે ભલે જાય.

જાંબુવતી-(રુકિમણીને) દૂધમાં કાંઇક ચૂક આવી લાગે છે કે શું?

રુકિમણી-(જાંબુવતીને) ના, ના, એ તો કાંઇક બીજી વાત કરતા જણાય છે.

કૃષ્ણ-તમે ત્રણે હવે જાઓ જવું હોય તો.

રુકિમણી-મહારાજ, અમે અહીંજ બેસીએ તો કાંઇ વાંધો છે?

સત્યભામા–(જાંબુવતીને) માંડ છૂટતાં હતાં ત્યાં આણે વળી બાફ્યું !

જાંબુવતી–(સત્યભામાને) એને વ્હાલું થયું છે તેમાંજ તો !

સત્યભામા–(જાંબુવતીને) એમ વ્હાલું થયું કંઇ રેઢું નથી પડયું !

કૃષ્ણ–ભલે; તો મારી ના નથી; બેસો.

(ત્રણે સ્ત્રીઓ એક હીરથી ભરેલા રેશમી ચાકળા ઉપર બેસે છે અને અંદર અંદર વાત કરે છે.)

રુક્મિણી–મહારાજના ભાઇબંધને આપણે વાત કરતા સાંભળ્યા નથી તે હવે સાંભળીશું.

સત્યભામા–તો તારે એકલીને બેસવું હતું ને ! અમારે વાત નથી સાંભળવી. અમે તો જોઇનેજ ધરાઇ ગયાં છીએ.

જાંબુવતી—અરે ! ભાઇબંધ કેવીયે ભેટ લાવ્યા હશે એ તો જોવાશે !

સત્યભામા—એ ભીખારી જેવા પાસે ભેટ તે વળી શી લાવવાની હતી !

રુક્મિણી—ભીખારી એમને ન ધાર હો ! કોઇ મહાતપસ્વી જણાય છે.

જાંબુવતી—હા, હા; ભેટ તો એવી લાવ્યા હશે કે આપણે કોઇ દી જોઇ પણ નહિ હોય !

સત્યભામા—રાખ મારી બ્હેન; તુંય લોલમાં લોલજ ભેળવે છે તો. ઠીક; ત્યારે જોઇશું. ક્યાં આઘું છે ?

રુક્મિણી—એટલા માટે તો મેં બેસવાનું કર્યું.

કૃષ્ણ—(સર્વ સાંભળે તેમ) સુદામા, કાંઇક ઘરની વાત તો કર. કે પછી ઘર બર માર્યું ફરે છે !

સુદામો—ના; ઘર છે, ઘરવાળી છે, અને બે દીકરા છે.

કૃષ્ણ—શું કહે છે! મેં ન્હોતું ધાર્યું કે તું પરણીશ. પણ છે તો સૌ કુશળ ને?

સુદામો—હા, સૌ કુશળ છે.

કૃષ્ણ—ત્યારે એક વાર મારે મારી ભાભીને મળવા આવવું પડશે. અરે! હું તે કેવો નફ્ટ કે તને મળ્યોજ નહિ!

સુદામો—તારે કાંઇ થોડી ખટપટ છે?

કૃષ્ણ—બહુ;

ઉપાધિ રાજકાજની
અનેક માહરે રહી,
નિરાંત મિત્ર! ત્યાં કશીય
મુજને મળે નહિ;

પણ તેમાંય આ બૈરીઓએ તો મને લઇ વાળ્યો છે! ઘરમાંથીજ છૂટાય નહિ ત્યાં બહાર ક્યાં નીકળાય?

સુદામો

સગા અને સુમિત્રને
કદી મળી શકાય ના;
તથાપિ મિત્ર તું સમા
ઘડીય વીસરાય ના.

પણ મારા મહાભાગ્ય કે તેં મને યાદ કર્યો !

સુદામો–તો હવે એક વાર પોરબંદર આવી જજે.

કૃષ્ણ–જરૂર, જરૂર આવીશ. હવે કાંઇ આવ્યા વિના ચાલશે? પણ વારૂ; ભાભીએ કાંઇ ભેટ બેટ મોકલાવી છે કે નહિ?

સુદામો–હા...ના, ના, ના, કાંઇ લાવ્યો નથી.

(સુદામો પૌઆંની પોટલી સાથળ નીચે સંતાડે છે.)

કૃષ્ણ–તું ના કહે એટલે હું કેમ માનું?

સુદામો

સુદામો–(મુંઝાઇને) તારે લાયક લાવવાનું મારા ગરીબના ઘરમાં શું હોય? (વાત ફેરવીને) આપણે કેટલે વર્ષે મળ્યા ?

કૃષ્ણ–ઓહો ! ઘણે વર્ષે મારા બાલસ્નેહી !

સુદામો–મને એમ થતું હતું કે તું મને ભૂલી ગયો હોઇશ; અને મને ઓળખશેય નહિ.

કૃષ્ણ–બસ, મારા સ્નેહની આટલીજ કીમત ! એ તે કેમજ બને ? સાત ભવ જાય તોય તને કેમ ભૂલું ?

સુદામો–તો તો મારાં સદ્‌ભાગ્ય.

કૃષ્ણ–ભાગ્ય તો મારાં કે તારા જેવો મિત્ર મળ્યો. તું ન મળ્યો હોત તો આપણે પાટી પર ધૂળ નાખી ન હોત.

સુદામો–અરે ! ગુરુને ઘેર તો આપણે બહુ લહેર ઉડાવી છે; કેમ ખરૂં કે નહિ ?

સુ દા મો

કૃષ્ણ—ભારે મજા કરી છે. એ દિવસો તો જ્યારે યાદ આવે છે ત્યારે એમ થાય છે કે લાવ ગુરુની પાસે ચાલ્યો જાઉં.

સુદામો—સાંદીપનિ ગુરુ તો કે દિવસના દેવ થઇ ગયા.

કૃષ્ણ—હેં ! અને ગુરુપત્ની ?

સુદામો—એ તો એમની આગળ ગયાં.

કૃષ્ણ—ગોરાણી બહુ માયાળુ ! ગુરુ તો આપણી ઉપર ઓછા ઓછા થઇ જતા.

સુદામો—તને એ બધા દિવસો યાદ આવે છે કે ?

કૃષ્ણ—અરે ! એ તે કેમ ભુલાય ! તને યાદ છેને એક દી આપણે લાકડાં કાપવા ગયા હતા અને ત્યાં મુશળધાર વરસાદ......

સુદામો—મને તો એ બધું આંખ આગળ તરવરે છે.

કૃષ્ણ-ગોરાણી બિચારાં ઓશિયાળાં થઇ ગયાં હતાં.

સુદામો-અને ગુરુના જીવમાંય આપણને જોયા ત્યારે જીવ આવ્યો !

કૃષ્ણ-ગુરુ તો આપણ બંનેને બાઝીજ પડયા !

સુદામો-હા ; ભેટીજ પડયા.

કૃષ્ણ—હા, હા, ભેટી પડયા; પણ તારી લાવેલી ભેટ ક્યાં ?

સુદામો—મારી પાસે ભેટ શી ને વાત શી !

કૃષ્ણ—હવે એમ ઊડાવશે તે કાંઇ કામ આવશે ?

(સુદામો સાથળ નીચે પૌંઆંની પોટલી બરાબર દબાવે છે.)

કૃષ્ણ—હાં ! મેં જોઈ, મેં જોઇ, લાવો, લાવો, કાઢી આપો ભાઇબંધ !

સુ દા મો

સુદામો—શું કાઢી આપું ?

કૃષ્ણ-પેલી સાથળ નીચે દબાવેલી પોટલી ! મેં જોઇ લીધી.

એ પોટલી કેમ છુપાવતો તું ?
આપે નહિ કેમ? વિચારતો શું ?
અમૂલ્ય એમાં કંઇ વસ્તુ રાખી ?
દેવા મને શું નવ યોગ્ય લાગી ?

સુદામો-તેમાં તો કાંઇ નથી.

કૃષ્ણ-નથી શું !

(કૃષ્ણ સુદામાના સાથળ નીચેની પોટલી ખેંચી લે છે.)

સુદામો-અરેરે ! એમાં તો કાંઈ નથી. એ ભેટની વસ્તુ ન હોય.

રુકિમણી-(સત્યભામા અને જાંબુવતીને) જુઓ, જુઓ, કાંઇક લાવ્યા છે !

સત્યભામા–આતો મારો ખરો બ્રાહ્મબંધ જણાય છે ને શું! આટલી બધી બ્રાહ્મબંધી હશે એ તો અત્યારે ખબર પડી.

જાંબુવતી–ભેટ કાંઇ જેવી તેવી તો નહિજ હોય!

સત્યભામા–કોઇ મહામૂલો મણિ હશે!

રુક્મિણી–એય હોય.

જાંબુવતી–જે હશે તે હમણાં દેખાશે.

કૃષ્ણ–સત્યભામા, ઊઠ જોઉં; કનકથાળ લઇ આવ તો.

સત્યભામા–(મનમાં) ટાંટીઆતોડ મારેજ ભાગ આવી લાગે છે. (મોટેથી) વારુ, મહારાજ.

(સત્યભામા થોડી વાર પછી કનકથાળ લઇને પાછી આવે છે. કૃષ્ણ તેમાં

પોટલી છોડે છે.)

કૃષ્ણ–કાંઈ બહુ ચોકસાઈથી બાંધી દેખું!
રુક્મિણી, જાંબુવતી, આવો, આવો, જુઓ
તો ખરાં; મારો મિત્ર ભેટ લાવ્યો છે!

(રુક્મિણી અને જાંબુવતી
ઊઠીને પાસે આવે છે.)

સુદામો–(મનમાં) આણે તો લાજ લેવા માંડી!
આ બધી સ્ત્રીઓ હમણાં હસી પડવાની.
પૌઆં હું ક્યાંથી લાવ્યો? એ ન લાવ્યો
હોત તોય સારું.

કૃષ્ણ–(હસીને) અહા! આતો મીઠાં મીઠાં પૌઆં!
(કનકથાળમાં પૌઆં ઠાલવી લેછે. અને
થાળ પોતાના હાથમાં લેછે.) મને આ
બહુ વ્હાલાં છે. (પૌઆં ખાવા માંડે છે.)
આ પૌઆંની તો મીઠાશ! કાંઈ
મીઠાશ છે!!

ખાધી, ઘણી સાકર શેરડીયે;
ખાધી ઘણી દ્રાક્ષ મીઠી ઘણીયે;

પક્વાન્ન ખાધાં બહુ વાર મીઠાં,
પૌંઆં ન આવાં કદિ ક્યાંઇ દીઠાં !

સત્યભામા–મહારાજ, અમને તો થોડાંક આપો.

કૃષ્ણ–લ્યો, મૂઠી મૂઠી તમે પણ ખાઓ અને બાકીનાં પૌંઆં છોકરાંને વ્હેંચી દેજો.

(પૌંઆંની ત્રણ મૂઠીઓ ત્રણ સ્ત્રીઓને કૃષ્ણ આપે છે.)

સત્યભામા–મહારાજ, આવાં પૌંઆં તો તમે અમને કોઇ દી ચખાડયાંજ નહિ.

કૃષ્ણ–પારિજાતક તો મળે પણ હઠ કરતાંય આવાં પૌંઆં તો ફરી નજ મળે.

જાંબુવતી–મહારાજ, બહુ મીઠાં લાગે છે.

રુકિમણી–આ સ્વાદ તો દાઢમાંજ રહી જવાનો.

સુ દા મો

કૃષ્ણ–એ તો મારા સુદામાનાં પૌંઆં! આ સુદામો તે કોણ? તમે એને હજી નથી જાણતા. મારે મન તો એ સગા ભાઇ જેવો છે.

સાથે અમે બન્ને ગુરૂના
આશ્રમે રે'તા હતા;
સાથે અમે ગુરૂજી કને
વિદ્યા ભલી ભણતા હતા;
સાથે અમે વનમાં જતા
ને ફૂલ ફળ લઇ આવતા;
બન્ને સગા ભાઇ સમા
સૌ વાતમાં સાથે હતા.

રુક્મિણી–મહારાજ, અમારા હર્ષનો આજે પાર નથી.

કૃષ્ણ–સત્યભામા, તુંય એમજ કહે છે કે?

સત્યભામા–હા મહારાજ.

કૃષ્ણ-અરે! પણ સત્યભામાએ તો આજ બહુ કામ કર્યું છે. તારા હાથપગ તો નથી દુ:ખતા ને ?

સત્યભામા-(શરમાઇને) પણ એ દુ:ખવાનો બદલો વળી ગયો છે.

કૃષ્ણ—અહો ! સાંજ પડવા આવી ! ચાલો ત્યારે આપણે જરા ફૂલવાડીમાં ફરી આવીએ.

(સર્વે જાય છે.)

સુદામો

અંક ૩ જો

પ્રવેશ ૧ લો

સમયઃ મળસ્કાનો.

સ્થળઃ ગોમતીનો કાંઠો.

સુદામો–(મનમાં) હજુ સુધી કૃષ્ણ કાંઇ આપવાની વાત તો કરતોજ નથી; ઘરે નહિ આપ્યું એ તો જાણે ઠીક. બૈરાંની બીક. પણ અહીં કોણ જોતું હતું ? આપશે તો

ખરો. ભાવ વાત ઉછેરૂં ? (મોટેથી) હવે, ભાઇ ! તું પાછો વળ; ક્યાં સુધી આમ ને આમ આવીશ ?

કૃષ્ણ—હા, હવે પાછોજ વળું છું. તને રસ્તાની તો માહિતી છે ને ?

સુદામો—(મનમાં) કાંઇ આપવાની વાત તો કરતોજ નથી! (મોટેથી) હા. મને ખબર છે. પણ...તું એકાદ વાર પોરબંદર આવીશ ખરોને ?

કૃષ્ણ—હા, હા, જરૂર આવીશ.

સુદામો—(મનમાં) મારે કેવી રીતે ધનની વાત ઉછેરવી ? (મોટેથી) અમારાં ગરીબનાં ઘર તો જોવા જેવાં છે. એતો આવીશ ત્યારે તું નજરે જોશે.

કૃષ્ણ—એ તો વગર આવ્યે હું જાણું છું.

જેવાં દરણુ તારાં એવાંજ તારા આખા ઘરનાં હશે.

સુદામો–(મનમાં) હવે કાંઇક વાત સરાણે ચડતી લાગે છે. (મોટેથી) અમારે કાંઇ તારી જેમ રાજપાટ છે? અમારે તો જેમ તેમ દહાડા કાઢવાના.

કૃષ્ણ–તોય મારા કરતાં તું સુખી છે એમ હું તો માનું છું.

સુદામો–(મનમાં) આણે તો વાત સાવજ ઊડાવી. (મોટેથી) અરે જા રે! અમારે તો અન્ન વિના કડાકા કરવાનોય વખત આવે.

કૃષ્ણ–એ કડાકા કરવા સારા પણ રાજ ચલાવવું એથીય વસમું. ખરૂં કહું છું કે તું સુખી છે.

સુદામો–(મનમાં) અરે! આ તો મારી વાત જ મારી નાખે છે. (મોટેથી) તું અલ્યા

મનેય બનાવે છે ! તારે ભાઇ શું દુઃખ છે! તારે શું નથી?

કૃષ્ણ—બધુંય છે. તોય તારા કરતાં હું દુઃખી છું.

સુદામો–(મનમાં) આ કાંઇ આપે એમ લાગતું નથી. હવે સોનાની ઝાલ પાણીમાં શાને નાખું ! (મોટેથી) ઠીક ભાઇ ઠીક; તું ખરો ને હું ખોટો.

કૃષ્ણ–ત્યારે સુદામા, હવે હું જાઉં ? અને કહે, મને કહે, તું ફરી પાછો ક્યારે આવીશ ?

સુદામો-(મનમાં) થઇ રહ્યું લ્યો ! આ તો હવે પાછા જવાની વાત કરે છે ! (મોટેથી) હવે તો જીવતો રહીશ તો વળી આવીશ. (મનમાં) હવે તો આ મારી નજરેથી જાય તો સારૂં. (મોટેથી) લે ત્યારે, હવે તું સુખેથી પાછો વળ.

કૃષ્ણ—ભલે, વળું છું. પણ તું ફરી એકાદ વાર હું જીવું છું ત્યાં સુધીમાં આવજે ખરો હોં !

સુદામો—(મનમાં) તને શું પથરા પડવાના છે ! (મોટેથી) ભલે આવીશ. પણ તું હવે જા; પાછો વળ; બહુ મોડું થયું.

કૃષ્ણ—લે હવે હું જાઉં છું. (કૃષ્ણ સુદામાને ભેટે છે અને ગળગળા થાય) લે ભાઈ, આવજે.

(કૃષ્ણ પાછા વળે છે અને સુદામો પણ રસ્તે ચાલવા માંડે છે.)

સુદામો

પ્રવેશ ૨ જો

સમય—સૂર્યોદય પછી તરતનો.

સ્થળ—પોરબંદરની વાટ.

સુદામો-હવે આ ટાંટીઆ કહ્યું કરતા નથી. આવતી વખતે તો જોર હતું પણ હવે ઘર ભેગા નહિ થવાય. (પાછો વળીને જુએ છે.) કૃષ્ણ તો ચાલ્યો ગયો ! માળો ભારે જબરો ! એક પાઇ પણ આપી નહિ. ઉલટાં મારાં પૌઆં ગયાં !

હોયે જરાક ધન
તેજ દીસે ઉદાર;
લોભી જણાય ધન જે
ધરતા અપાર;

સુદામો

નાની નદી તરસ નીર
દઇ છિપાવે;
મોટો સમુદ્ર, પણ તે
નહિ કામ આવે.

કૃષ્ણ આટલો બધો કંજુસ હશે એમ ખબર હોત તો આ ટાંટીઆતોડજ ન કરત. મારૂં મન તો આવવાની નાજ પાડતું હતું; પણ બૈરી "ના, જાવને જાવ, જાવને જાવ" કર્યા કરતી હતી તે આવીને આ સાર કાઢયો! ઠીકજ થયું કે મેં યાચના ન કરી. નહિ તો મારૂં અજાચક વ્રત તૂટત અને દી કાંઇ વળત નહિ. ભારે મખ્ખીચૂસ! થોડુંક મને આપ્યું હોત તો કાંઇ એને તોટો નહોતો આવવાનો!

અરે! પણ એનો શો વાંક કાઢવો!

વાંક મારા નસીબનોજ છે. ગયે ભવે આપ્યું હોય તો આ ભવે પામું'ને! હરિ, હરિ, જે થયું તે ખરૂં. કોઇને વાત કરવા જેવું નથી. પણ હવે ઘર ભેગા શે થવાશે? પગમાં તો કળતર ઉપડયાં છે. લાવ જરા આ ઝાડ નીચે બે ઘડી બેસું.

(સુદામો ઝાડ નીચે બેસે છે.)

અરે! આંખમાં આટલું બધું ઘારણ શું? લાવ જરા આડે પડખે સૂઇ લઉં. હા, હા, ઘડીભર સૂવા દે; ઊંઘ લેવાથી શક્તિ પણ આવશે.

(સુદામો સૂઇ જાય છે.)

પ્રવેશ ૩ જો

સમય–સવારના દસનો.

સ્થળ–પોરબંદરનું પાદર.

સુદામો–આ હું ક્યાં છું!? સૂતો હતો ત્યારે તો સામેજ ગોમતી માતા વહેતાં હતાં; અને આ જાગીને જોઉં છું તો આ બધું શું દેખું છું? અરે! આ તો પોરબંદરનું પાદર! હું તે સ્વપ્નમાં છું કે જાગતો! હાં! કાંતો મારે વ્હાલે મારી પીડ જાણીને મને ઘર ભેગો કરી દીધો! વાહ મારા પ્રભુ! આંટો અફળ ગયો પણ પરચો તો બતાવ્યો. હશે; જે થયું તે સારાને માટે. પૈસા આપ્યા હોત તો વળી માયા વળગત અને ભગવાનનેજ ભૂલી જાત. ચાલ જીવ હવે ગામમાં પેસવા દે.

(સુદામો ગામમાં પેસે છે.)

સુદામો

આપણે તો "હીરો ઘોઘે જઇ આવ્યો" જેવું કરી આવ્યા ! બિચારા મારા છોકરા ટળવળતા હશે. એમનું નસીબ પણ આડે આવતું નથી.

અરે ! પણ મારી જમણી આંખ કાં ફરકે ! શું કાંઇ મંગળ શુકન થાય છે ! આપણે વળી મંગળ શુકન શાં ! છોકરા બંને હસતા દેખું તો જગ જીત્યા.

લ્યો, આ શેરી તો આવી.

(સુદામો શેરીમાં દાખલ થાય છે.)

અરે પણ મારૂં ઝુંપડું કયાં ગયું ! હું તે શેરી ભૂલ્યો કે ગામ !

(સુદામો એટલામાંજ આંટા મારે છે.)

ગામેય આ અને શેરી પણ આ; મારૂં ઘર કાં ન મળે ! ને અહીંજ આ મોટી હવેલી કોની !

નક્કી હું શેરીજ ભૂલ્યો છું.

(સુદામો બીજી શેરીમાં જવા માંડે છે.)

મારૂં બેટું ! મારૂં ઝુંપડું જ ન મળે ! મારાં બૈરીછોકરા ક્યાં હશે ! હું તો બધુંજ ખોઇ બેઠો કે શું !

અરે પેલી હવેલીનું બારણું ઊઘડયું ખરૂં.

(સુદામાની સ્ત્રી બહાર આવે છે.)

આતો કોઈ શેઠાણી દેવમંદિર જતી જણાય છે. લાવ, આ શેરીને નાકે જઈને ઊભો રહેવા દે.

(સુદામો ચાલવા માંડે છે.)

સુ. સ્ત્રી–(પાસે આવીને) નાથ ! એમ ક્યાં ચાલ્યા ! આ રહ્યું આપણું ઘર.

(સુદામો ચમકીને ઊભો રહે છે.)

સુ. સ્ત્રી–નાથ, આ હવેલી આપણીજ છે. ઈશ્વરે કરુણા કરી.

સુદામો–(હર્ષનાં આંસુ સાથે) હેં ! ભગવાને
સામું જોયું ! કૃષ્ણ, આ બધી તારીજ
કરૂણા ! (સ્ત્રી તરફ જોઇને) અરે !
તું તો ઓળખાતી પણ નથી !
બંને છોકરાઓ ક્યાં છે ?

સ્ત્રી-એ રમે હવેલીમાં રહ્યા રહ્યા ! તમે
તો એમને ઓળખીજ નહિ શકો. નાથ,
હવે ઘરમાં પધારો.

(બંને હવેલીમાં દાખલ થાય છે.)

સુદામો—કેટલો બધો વૈભવ ! હેમની તો
હીંડાળા ખાટો !

સ્ત્રી—પણ અરે ! ચમત્કાર ! જરા અહીં તો
આવો !

સુદામો—અહીં તે વળી ક્યાં ?

(સ્ત્રી સુદામાને એક મોટા
આરસા પાસે લઇ જાય છે.)

સ્ત્રી-(હાથ જોડીને) નાથ, મારા સુખની

તો હવે અવધિ થઇ !

સુદામો—(આરસામાં જોઇ) અરે ! મારાં તો બધાં રૂપરંગજ ફરી ગયાં ! હું તે સુદામો કે બીજો કોઇ !

સ્ત્રી—એજ, એજ; બીજા કોઇ નહિ. કેટલો બધો ચમત્કાર !

સુદામો—હા, એ બધો ચમત્કાર તારી હઠનો !

સ્ત્રી—ના, તમારી ભક્તિનો !

કાપ્યું પ્રભુએ સહુ દુઃખ આપણું,
આપ્યું પ્રભુએ ધન તો કુબેરનું,
દીધા બધા વૈભવ ઇન્દ્રના વળી,
નક્કી તમારી પતિ ! ભકિત એ ફળી.

(સ્ત્રી સુદામાના પગમાં પડે છે.)

સમાપ્ત

વ્હાલાં બાળકો,

તમે વાંચીને સમજી શકો અને રસ લઇ શકો એવી કાળજી આ નાટક લખવામાં અમે લીધી છે; છતાં અમારો આ પ્રયત્ન કેટલે દરજ્જે સફળ થયો છે એનું માપ કાઢવાનું કાર્ય અમે તમને અને બાલસાહિત્યના અભ્યાસકોને સોંપીએ છીએ.

અમારો આ પ્રયત્ન સત્કારાશે તો બીજાં પણ આવાં નાટકો તમારા હાથમાં મૂકવાની અમે હોંશ ધરાવીએ છીએ.

આ નાટકમાં વપરાયલાં બીબાં હોવાં જોઇએ એ કરતાં નાનાં છે એ વાત અમારી જાણ બહાર નથી; અને એ બદલ અમે તમારી ક્ષમા માગીએ છીએ.

મહાકવિ ભટ્ટ પ્રેમાનંદનું "સુદામા ચરિત્ર" તમે જરૂર વાંચજો; એ વાંચવા જેવું છે. આ નાટક એ સુંદર કાવ્ય ઉપરથીજ ઉપજાવેલું છે.

કૃષ્ણજન્માષ્ટમી
શ્રાવણ ૧૯૮૪
ગોપીપુરા, સુરત.

જે. છ. ચૌધરી
હિ. જ. પંચોળી

સોલ એજન્ટ્સ:

મેસર્સ હરસનદાસ નારણદાસ એન્ડ સન્સ :

બુકસેલર્સ; નાણાવટ, સુરત.

પ્રકાશક :

જેઠાલાલ ક. ચોકસી

ગોપીપુરા; સુરત.

મુદ્રક :

બદરશંકર મ.

કલ્યાણ પ્રેસ ;